GJSR120062242025

**કામરેજ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૪૦૨૦૨૫–૩૦૦૨/૨૦૨૫ના કામે આરોપીઓ (૧) જયેશ ઉર્ફે જેડી હીરભાઈ દુલેરા (૨) શૈલેષ ઉર્ફે બાટલો અમૃતભાઈ સોલંકી (૩)મુકેશભાઈ કનુભાઈ ભરવાડ (૪) હનુભાઈ રાણાભાઈ ચાવડા નાઓ ની જામીન અરજી હેઠળ હુકમ**

1. જામીન અરજી તથા એફ.આઈ.આર. વંચાણે લીધી. ત.ક.અ. તેમજ આરોપી ઓ તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની મુખ્ય રજુઆત છે કે, આ કામના આરોપીઓને શંકાના આધારે ધડપકડ કરવામાં આવેલ છે, આરોપીઓ નિર્દોશ છે, અગાઉ કોઈ ગંભીર ગુનામાં સંડોવાયેલ નથી, આરોપીઓ સુરતના કાયમી રહેવાસી છે, આરોપીઓ કુટુંબ કબીલા વાળા છે, કયાચ નાશી ભાગી જાય તેમ નથી.
2. વધુમાં આરોપીઓના વિ.વ.શ્રીએ દલિલ કરતાં રજૂઆત કરેલી છે કે આરોપીઓને ધરપકડ કર્યા અંગેની લેખિત યાદી આજ દીન સુધી આરોપીઓને આપેલી નથી, જેથી BNSS ની કલમ ૪૭, ૪૮ તથા ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨(૧) નો ભંગ થયો હોય આરોપીઓને જામીન મુક્ત કરવા યોગ્ય હુકમ કરવામાં આવે, તે સંદર્ભે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલોમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા **કેસિરેડ્ડી ઉપેન્દર રેડ્ડી વિ. સ્ટેટ ઓફ આંધ્રા પ્રદેશ**[1] ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો ઉપર ભાર મુકેલો છે. વધુમાં ના.કોર્ટ જે શરતો ફરમાવે તેનુ પાલન કરવા ખાતરી આપીએ છીએ જેથી આરોપીને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે.
3. ફરીયાદપક્ષની રજુઆત છે કે, હાલના પકડાયેલા આરોપીઓ સામે ગંભીર પ્રકારના ગુનાઓનો આક્ષેપ છે. આમ તમામ હકીકતો ધ્યાને લઈને સદર આરોપી ઓ એ બીનજામીનપાત્ર અને ગંભીરપ્રકારનો ગુનો કરેલ હોઈ, આરોપી ઓ ને જામીન પર છોડવા સામે સખત વાંધો લેવામાં આવેલ છે. તથા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.
4. ઉપરોક્ત બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લીધી. સદર કામે એફ. આઈ. આર.ની હકીકત ધ્યાને લેતા હાલનાં ગુનાનાં કામે પકડાયેલ આરોપીઓ સામે

1 2025 INSC 768

બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૧૨૭(૨), ૧૪૦(૨), ૩૨૪(૪), ૩૫૨ અને ૫૪ મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. સદર ગુનાઓની જોગવાઈઓ જોતા મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઇને પાત્ર ગુનો છે, તેમજ સદર ગુનાઓ અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને છે.

5. વધુમાં આરોપીઓ તર્ફે જ્યારે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે આરોપીઓ કે તેઓના પરિવારજનોને અટકનાં કારણોની લેખિતમાં જાણ કરવામાં આવેલ નથી ત્યારે હાલના પ્રોડક્શન પેપર્સમાં આરોપીઓનો અરેસ્ટ મેમો જોવામાં આવે તો તેમા દરેક આરોપીના પરિવારજનોને આરોપીઓની અટક સંબધે મોબાઇલ ફોન દ્વારા જાણ થયેલાનું જણાઈ આવે છે. આ સંદર્ભે નામ. સર્વોચ્ચ અદાલતે ઉપર્યુક્ત ચુકાદામાં વિવિધ પેરામાં પ્રસ્થાપિત કરેલ છે કે અરેસ્ટના કારણો આરોપીઓ તથા તેમના પરિવારજનોને લેખિતમા આપવા જરૂરી નથી, પરંતુ તેમને તેઓ સમજે તે ભાષામાં જણાવવા જરૂરી છે. જેથી, હાલના કેસમાં જ્યારે અટક કર્યાના કારણોની આરોપીઓના પરિવારજનોને આપેલ હોવાની નોંધ અરેસ્ટ મેમોમાં ફોન નં. સાથે જણાવેલી છે, ત્યારે માત્ર લેખિતમાં કારણોની જાણકારી ન કરી હોય તેથી આરોપીઓને જામીનમુક્ત કારવાનું વ્યાજબી જણાઈ આવતુ નથી.

6. આમ આરોપી ઓ એ સમાજ વિરોધી કૃત્ય આચરેલાનું અત્રેની કોર્ટને માનવાને પ્રથમ દર્શનીય કારણ રહેલ છે, આમ, સદર આક્ષેપિત ગુનો તે ખુબ જ ગંભીર બાબત ગણી શકાય. આમ જો હાલનાં તબકકે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને કાયદો જે હેતુથી બનાવવામાં આવ્યો છે તે હેતુ માર્યો જાય. તેમજ આવા પ્રકારના ગુનાઓ કરવા પ્રેરાય અને તેમને છુટો દોર મળે, તેમજ ન્યાયનો હેતુ માર્યો જાય.

7. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા, તેમજ કેસનાં સંજોગો, તેમજ કાયદામાં પ્રસ્થાપિત કરેલ જામીન અંગેનાં સિધ્ધાંતો, તેમજ આરોપી ઉપર નોંધાયેલ ગુનાની ગંભીરતા તેમજ આરોપી ઓ સામેનો ગુનાનો પ્રકાર તથા સંભવિત સજાની જોગવાઈઓ વિ. તમામ સંજોગો ધ્યાને લેતાં તેમજ બી.એન.એસ.એસ. કલમ ૪૮૦ ની જોગવાઈ ધ્યાને લેતાં સદર ગુનાના આરોપી ઓને જામીન ઉપર છોડવાની સત્તા અત્રેની અદાલતને નથી, જેથી આરોપીઓ ની

તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તા વાપરવા માટેનાં કોઈ વિશિષ્ટ કારણો જણાતા નથી. જેથી તમામ હકીકત લક્ષમાં રાખતા ફરીયાદપક્ષની દલીલો સાથે અત્રેની કોર્ટ સંમત થતી હોઈ, ન્યાયનાં હિતમાં આરોપીઓ ની જામીન અરજી ગુણદોષ ઉપર રદ કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીઓ (૧) જયેશ ઉર્ફે જેડી હીરભાઈ દુલેરા (૨) શૈલેષ ઉર્ફે બાટલો અમૃતભાઈ સોલંકી (૩)મુકેશભાઈ કનુભાઈ ભરવાડ (૪) હનુભાઈ રાણાભાઈ ચાવડાનાઓ ની જામીન અરજી આથી **નામંજુર** યાને રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે

આજ રોજ તારીખ ૧૫ માહે ઓક્ટોબર સને ૨૦૨૫ ના રોજ હુકમ જાહેર કર્યો.

**કઠોર.**
**તા: ૧૫/૧૦/૨૦૨૫**

**( સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ-કઠોર.**
**CODE : GJ01769**